ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર

https://gpssb.gujarat.gov.in

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા જાહેરાત ક્રમાંક ૧૫/૨૦૨૧-૨૨ ગ્રામસેવક સંવર્ગના એડેન્ડમ ફાઇનલ સીલેકશન અને રેકમન્ડેશન લીસ્ટ તા ૨૫-૦૯-૨૦૨૩ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે મંડળની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે.આ એડેન્ડમ ફાઇનલ સીલેકશન અને રેકમન્ડેશન લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા ૨૨-૦૭-૨૦૨૧ ના નોટીફીકેશન નં. **KP/ 20/ 2021/ PRR/10/ 2014/106/KH** થી પ્રસિધ્ધ કરવામાં આવેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) નિયમો-૨૦૨૧ ની જોગવાઇ અન્વયે રુબરૂ ઓનસ્ક્રિન જિલ્લા પસંદગી(ફાળવણી) કાર્યક્રમમાં નીચેની વિગતે જે તે તારીખ- સમયે મંડળની કચેરીએ અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે. આ અંગે ઉમેદવારોના રજીસ્ટર્ડ ઇ-મેઇલ ઉપર પણ આ બાબતે જાણ કરવામાં આવેલ છે. ઉમેદવારે નીચે દર્શાવેલ તારીખ અને સમયે અચુક હાજર રહી નીચેની સુચના (૧) થી (૫) મુજબ જિલ્લા પસંદગી કરવાની રહેશે.જેની ખાસ નોધ લેવી. વધું વિગતો માટે મંડળની વેબસાઇટ જોવા વિનંતી છે.

| તારીખ | સમય | સંવર્ગનું નામ | વિગત |
|---|---|---|---|
| ૩૦-૦૯-૨૦૨૩ (શનિવાર) | બપોરે૧૨-૦૦ કલાક | જા.ક્ર ૧૫/૨૦૨૧-૨૨ ગ્રામસેવક | તા ૨૫-૦૯-૨૦૨૩ ના પ્રસિધ્ધ થયેલ એડેન્ડમ ફાઇનલ સીલેકટ લીસ્ટમાં સમાવિષ્ટ ૧૧૪ ઉમેદવારો |

ઉમેદવારો માટેની સુચના:-

(૧) ઉમેદવારે જાતે ઉપરોકત જિલ્લા પસંદગી (ફાળવણી) કાર્યક્રમમાં તેને ફાળવેલ નિયત તારીખ-સમયે અચુક હાજર રહેવાનું રહેશે.

(૨) ઉમેદવારે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો,ફોટો આઇડી પ્રુફ અને કલર પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ સાથે લાવવાનો રહેશે.

(૩) કોઇ કારણસર સબંધિત ઉમેદવાર જાતે હાજર રહી શકે તેમ ન હોય તેવી પરિસ્થિતિમાં એફીડેવીટ ઉપર ઓથોરીટી લેટર સાથે અધિકૃત કરેલ વ્યકિતને હાજર રાખી શકશે.સદર ઓથોરીટી લેટર ઉપર ઉમેદવારનો અને જેને અધિકાર આપેલ છે તે વ્યકિતનો ફોટો ચોટાડેલ હોવો જોઇએ અને સદર બંને ફોટા ઉપર સબંધિત ઉમેદવારે સહી કરેલ હોવી જોઇએ. સદર અધિકૃત કરેલ વ્યકિત ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી સબંધિત ઉમેદવારને બંધનકર્તા રહેશે.અધિકૃત કરેલ વ્યકિતએ પોતાના ઓળખપત્રની અસલ અને ઝેરોક્ષ નકલ સાથે રાખવી. ઓથોરીટી લેટર એફીડેવીટ સ્વરુપે હોવો જોઇશે.

(૪) ઉમેદવારોને ઓનસ્ક્રિન જિલ્લા ફાળવણી ઉમેદવારના મેરીટ ક્રમાનુસાર એડેન્ડમ ફાઇનલ સીલેકશન એન્ડ રેકમન્ડેશન લીસ્ટમાં દર્શાવેલી ઉમેદવારની સીલેકશન કેટેગરી મુજબ ઉમેદવારનો ક્રમ આવે ત્યારે ઉપલબ્ધ જિલ્લાવાર જગ્યા અનુસાર કરવામાં આવશે. ઓનસ્કીન જિલ્લા ફાળવણી માટે જ્યારે ઉમેદવારનો ક્રમ આવે ત્યારે તે સમયે ઉમેદવાર/ તેઓના ઓથોરાઇઝ પ્રતિનિધિ ફરજિયાત પણે હાજર હોવા જોઇએ, અને જો તે સમયે કોઇ ઉમેદવાર/ ઓથોરાઇઝ પ્રતિનિધિ હાજર રહેશે નહિ તો, તેવા ઉમેદવારે પોતાની ઉમેદવારી કાયમી પણે પાછી ખેંચી લીધી હોવાનું ગણાશે અને ત્યારપછી તે બાબતમાં કોઇપણ દાવો અથવા વિવાદ મંડળ ધ્વારા ગ્રાહ્ય રખાશે નહિ.

(૫) ઉમેદવાર પોતે તેને ફાળવેલ નિયત તારીખ અને નિયત સમયે ઉપરોકત જિલ્લા પસંદગી (ફાળવણી) કાર્યક્રમમાં હાજર ન રહે અથવા જિલ્લા પસંદ ન કરે અથવા પસંદ કરવાનો ઇન્કાર કરે તેવા કિસ્સામાં આવા ઉમેદવારને નોકરી મેળવવામાં રસ નથી, તેમ માની આવા ઉમેદવારની પસંદગી મંડળ ધ્વારા "રદ" ગણવામાં આવશે, અને આ બાબતે મંડળનો નિર્ણય આખરી રહેશે અને ત્યારપછી આ બાબતે કોઇ પણ દાવો/વિવાદ ગ્રાહય રાખવામાં આવશે નહી.

સ્થળ:- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની કચેરી, બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, ડી વીંગ સેકટર-૧૦/એ, ગાંધીનગર

"મંડળના આદેશાનુસાર"

તારીખ: ૨૫/૦૯/૨૦૨૩ સચિવ